(નમુનો :–અ )　　　**આંક–**

**નેત્રંગ ના મ્હે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**(શ્રી એચ.આર.ખમલ ) સાહેબની કોર્ટમાં, મુકામ : નેત્રંગ**

**ચુકાદાની તારીખ – ૧૭/૦૭/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૪૦૪/૨૦૨૫**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૫(એ)(ઇ),૮૧,૯૮(૨)૧૧૬(બી), |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ.ર. નં.૧૧૧૯૯૦૦૫૨૩૦૪૬૫/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | નેત્રંગ પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત  કારીયા | વિ.એ.પી.પી.શ્રી.પી.આર.ચૌધરી |
| આરોપીપક્ષ | **(૧) જનકભાઇ રતનભાઇ અવિચળભાઇ વસાવા**<br>ઉ.વ.૩૨, ધંધો– મજુરી<br>રહે.ચિકલોટા મંદિર ફળીયું,<br>તા.નેત્રંગ,જી.ભરૂચ<br><br>**(૨) રાહુલભાઇ મોતીભાઇ બહાદરભાઇ વસાવા**<br>ઉ.વ.૨૪, ધંધો–મજુરી<br>રહે.ચિકલોટા સ્કુલ ફળીયું,<br>તા.નેત્રંગ,જી.ભરૂચ |
| રજુઆત | આરોપીપક્ષે વિ.વ.શ્રી. એસ.એફ.વસાવા |

**( નમુનો :–બ )**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૭/૦૬/૨૦૨૩ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૭/૦૬/૨૦૨૩ |
| અહેવાલની તારીખ | ૦૯/૦૬/૨૦૨૫ |

જુબાનીમાં રેઈડ અંગે ના પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચસાહેદો તેમની જુબાનીમાં જણાવતા નથી.આમ, સદર પંચસાહેદોની જુબાનીથી **આંક–૧૦** વાળું રેઈડ અંગેનુ પંચનામું પુરવાર થતું નથી.

(૬.૩) ત્યારબાદ, ફરીયાદ પક્ષ ધ્વારા **આંક–૧૩ થી તપાસ કરનાર અમલદાર મુળજીભાઇ ખાનસીંગભાઇ વસાવાના**ઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,તા.૧૭/૦૬/૨૦૨૩ ના રોજ હું નેત્રંગ પોલીસ સ્ટેશન મારી ફરજ ઉપર હાજર હતો તે દિવસે નેત્રંગ પો.સ્ટે ગુ.રજી નં.૧૧૧૯૯૦૦૫૨૩૦૪૬૫/૨૦૨૩ થી પ્રોહી કલમ–૬૫ એઇ, ૮૧,૯૮(૨),૧૧૬(બી) મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ જેની તપાસ અમોને સોંપવામાં આવેલ. સદર ગુનાની ફરીયાદ હકકીત જોતા તે દિવસે એલ.સી.બી. ભરૂચ શાખાના અ.પો.કો.દિપકભાઇ દાદુભાઇ તથા અ.હે.કો. જયરાજસિંહ ભરતભાઇ તથા સ્ટાફના માણસો તથા બે પંચાો(૧) બકુભાઇ મથુરભાઇ (૨) પિન્ટુભાઇ મીઠાલાલ જૈનનાઓ સાથે તેઓને મળેલ બાતમી આધારે રમણપુરા ગામે બસ સ્ટેશનની નીચે ઝાડ પાસે રોડ ઉપર વોચમાં ઉભા હતા. તે વખતે બાતમી મુજબની ઇકો ગાડી નં.જી.જે–૧૬–ડી.જી–૮૨૩૦ આવતા તેને રોકી લઇ તેના ચાલકનું પંચો રૂબરૂ નામઠામ પુછતા તેને પોતાનું નામ જનકભાઇ રતનભાઈ વસાવા, રહે. ચિકલોટા તથા બીજા ઇસમનું નામ પુછતા તેને પોતાનું નામ રાહુલભાઈ મોતીભાઇ વસાવા, રહે. ચિકલોટાના હોવાનું જણાવેલ.ત્યારબાદ સદર ઇકો ગાડીને ચેક કરતા ભારતીય બનાવટના વિદેશી દારૂના બોટલ નંગ–૪૭ જેની કિંમત રૂપિયા ૧૧,૧૦૦/– નો પ્રોહી મુદામાલ મળી આવેલ ત્યારબાદ પકડાયેલ આરોપીઓને મુદામાલ બાબતે પુછતા તેઓ તલોદા મહારાષ્ટ્ર ખાતેથી વાઇન શોપમાંથી લાવી છુટક વેચાણ કરવા લઇ જતા હોવાનું જણાવેલ ત્યારબાદ પકડાયેલ પ્રોહી મુદામાલ તથા ઇકો ગાડીની કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦/– તથા મોબાઇલ નંગ–૦૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/– મળી કુલ કિંમત રૂપિયા ૨,૭૧,૧૦૦/– નો મળી આવેલ મુદામાલ અંગેનું વિગતવારનું પંચનામું કલાક ૧૭/૦૦ થી કલાક ૧૮/૦૦ સુધીનું અ.હે.કો.જયરાજસિંહ ભરતભાઇનાઓએ કરી પંચનામાની વિગતે મુદામાલ વધુ તપાસ અર્થે કબજે કરેલ.ત્યારબાદ સદર ગુનાના કામે અ.પો.કો.દિપકભાઇ દાદુભાઇનાઓએ ફરીયાદ આપેલ આજરોજ મને સદર ફરીયાદ બતાવવામાં આવે છે. જે જોઇને કહું છું કે, તેમાં ફરીયાદી તરીકેની અ.પો.કો.દિપકભાઇ દાદુભાઇનાઓની સહી છે. જે હું ઓળખી બતાવું છું. સદર ફરીયાદ આંક–૧૪ થી રજુ છે.

